# વર્ગશિક્ષણમાં નવીનીકરણ પરિવર્તન

**નરેશ સી. પટેલ**

લેક્ચરર,

DIET, અમદાવાદ

વર્ગખંડનું વિશિષ્ટ પ્રયોગશીલ બનાવવાથી જ બાળકને આનંદ મળે છે અને આનંદ મળે તો અધ્યયન થયા. આ માટે નવીનીકરણ એ ખૂબ જ જરૂરી છે. શ્રી નરેશભાઈના વિચારોને અમલમાં મૂકીએ.

હાલના સમયમાં ચાલતી અધ્યયન-અધ્યાપનની પ્રક્રિયાથી આપણે સૌ પરિચિત છીએ. શિક્ષકોએ વર્ગખંડમાં એકનું એક કામ હંમેશા એક જ રીતે કરવાનું અને વિદ્યાર્થીઓએ પણ તેને સહજ રીતે સ્વીકારવાનું હોય છે.

વર્ગખંડમાં કાર્યરત આ બંને પરિબળો અને તેમાંથી નિષ્પન્ન થતો કંટાળો બેમાંથી એકેય પક્ષને ગમતો નથી. છતાં આશ્ચર્ય એ વાતનું છે કે તેમાંથી એકેયને તે સ્થિતિમાંથી મુક્ત થવાનો વિચાર આવતો નથી. જોકે વિદ્યાર્થી પણ માટે તેમાંથી મુક્ત થવાનું શક્ય નથી. કેમ કે તેમને તો શિક્ષણ ભણાવે તે જ ભણવાનું છે. પરંતુ શિક્ષકો તો તેમના વર્ગમાં સ્વતંત્ર છે. પરંતુ શિક્ષકો તો તેમના વર્ગમાં સ્વતંત્ર છે. તેમ છતાં તેઓ જડતા અને પૂર્વનિશ્ચિત નિયમોને તથા પદ્ધતિઓને વળગી રહે છે. 'જે છે તે બરાબર છે' ની વૃત્તિને વશ થયેલા છે.

શિક્ષકોને આવી વિચારશૂન્યતા અને નિષ્ક્રીયતાનો ભોગ હજારો બાળકો બની જાય છે. વર્ગશિક્ષણમાં શિક્ષક રોજરોજ નવું તત્વ નવી પદ્ધતિ, નવું કાર્ય અને નવી ભાવના અને ઉત્સાહ દાખલ કરે તો વિદ્યાર્થીઓ અને શિક્ષક બંનેને તેમનું કામ કરનાર અનહદ આનંદ અને ઉત્સાહ આપશે. વર્ગખંડમાં કંટાળો કે નિરસ વાતાવરણ કયારેય પેદા થશે નહિ. જુદા જુદા વિષયના અભ્યાસકમ મુદ્દાઓ નવી-નવી રીતે અને બદલાયેલ સાધનો અને અભિગમ દ્વારા શીખવવામાં આવે તો, તેનું ગ્રહણ અસરકારક રીતે થાય છે. એટલું જ નહિ પણ પ્રત્યેકને તેમાં રસ પડે છે, આનંદ આવે છે અને પુનઃ તે ભણવાનું ગમે પણ છે.

વર્ગમાં નવું તત્વ લાવવાની અને શીખવા-શીખવવાની જુદી જુદી પદ્ધતિઓ ઊભી કરવાની શિક્ષક-આચાર્યની ચેષ્ટાને શૈક્ષણિક પરિભાષામાં 'નવીનીકરણ અને પરિવર્તન' કહેવાય છે. ઘણા લોકો એવું માનતા હોય છે કે નવીનીકરણ અને પરિવર્તન લાવવા માટે શાળામાં ખૂબ જ ખર્ચ પાડવું પડે છે. આવી માન્યતા ખોટી છે. ઉત્સાહી અને પ્રેરિત શિક્ષક અથવા કંઈક કરી છૂટવાની ભાવનાવાળી શાળા આ દિશામાં ઘણું બધું કરી શકે છે. ઘણા શિક્ષકો એવા પણ જોવા મળે છે જેઓ પોતાની આગવી છતાં સરળ અને બિનખર્ચાળ પદ્ધતિથી પણ વર્ગશિક્ષણને ખૂબ જ રસપ્રદ બનાવે છે.

વર્ગશિક્ષણમાં જો નવીનીકરણ અને પરિવર્તન લાવવું હોય તો નિમ્નલિખિત મુદ્દા એ આ દિશામાં પગલાં કહેવાશે.

**વર્ગખંડમાં પ્રશ્નો કોણ પૂછે ?**

આપણા પ્રણાલિગત વર્ગોમાં મોટે ભાગે શિક્ષકોને વિષયની જાણકારી છે, તેમની પાસે ઊંડું જ્ઞાન છે અને અનુભવ છે, એટલે તેઓ જ વિદ્યાર્થીઓને પ્રશ્નો પૂછે છે જેમને વિષયમુદ્દા અંગે કશું જ જ્ઞાન કે માહિતી નથી. તેમના પેલા જ્ઞાની શિક્ષકના પ્રશ્નોના જવાબ આપવાના રહે છે. આ કેવી રીતે શક્ય બને ? છતાં વર્ષોથી હજારો શિક્ષકો પ્રશ્ન પૂછવાનો તેમનો અબાધિત હક છોડતા નથી., છોડવાનો વિચાર પણ કરતા નથી. પરિણામે વર્ગશિક્ષણ શાંત, ગંભીર, નીરસ અને યાંત્રિક બની જાય છે.

આ સ્થિતિ બદલવાનો એક શિક્ષકને વિચાર આવ્યો. તેણે પેલા ન્યૂટનને યાદ કરીને તારવ્યું : **'One can learn better by asking Question'** - જો વિદ્યાર્થીઓ પ્રશ્ન પૂછે, ને તેના જવાબ શિક્ષક આપે તો તેમને સારું જ્ઞાન થાય, વધુ માહિતી મળે, વધુ રસ પડે અને તેમની જિજ્ઞાસા પણ વધતી રહે. તેથી તે શિક્ષકે તેના વર્ગમાં પ્રશ્ન પૂછવાની ખોટી પદ્ધતિ ફેરવી નાખી. તેમણે શરૂઆતથી જ વિદ્યાર્થીઓને જુદા જુદા પ્રશ્નો પૂછવાનું શીખવાડ્યું. તે માટે વર્ગમાં દરરોજ નવી વસ્તુ, ચિત્ર, નકશો કે આકૃતિ લઈ જતો. કશું જ બોલ્યા વિના તે વર્ગમાં મૂકતો અને વિદ્યાર્થીઓને એક સૂચના આપતો. આનું બરોબર નિરીક્ષણ કરો. સમય ૧૫ મિનિટનો છે તમને જે સમજાય તે અંગે તમારે મને પૂછવાનું છે. સૌથી વધુ પ્રશ્ન પૂછનારને એ વસ્તુ મળી જશે.

પરિણામ ઘણું સારું આવ્યું. શરૂઆતમાં વિદ્યાર્થીઓ પ્રશ્નોની સંખ્યા પર ભાર મૂકતા. ધીમે ધીમે પ્રશ્નોની ગુણવત્તા સુધરતી ગઈ. મહત્વના પ્રશ્નોમાં ટૂંકા છતાં વધુ વિચારપ્રેરક ઉત્તરો શિક્ષક આપતા. પછી તો એ શિક્ષકે કોઈ પણ વર્ગમાં આ પદ્ધતિ વાપરવાનો નિયમ કરી દીધો.

વર્ગખંડમાં જો આ રીતે પ્રશ્નો અને ઉત્તરો દ્વારા અધ્યયન-અધ્યાપન ચાલે તો વિદ્યાર્થીઓ ઘણું સારું અને વિશેષ બને છે.

**હેતુલક્ષી પત્રલેખન**

વિદ્યાર્થીઓની મૂંઝવણ અને અજંપો દૂર કરવા માટે 'હેતુલક્ષી પત્રલેખન' એ પણ એક રસપ્રદ પ્રયોગ છે. આમાં વર્ગના દરેક વિદ્યાર્થીએ અઠવાડિયામાં કોઈ એક નક્કી કરેલા વારે પોતાના વર્ગશિક્ષકને એક પત્ર લખવાનો હોય છે. આ પત્રમાં વિદ્યાર્થીને તેના મનમાં ઉદ્‌ભવતા કોઈ પણ મુદ્દા વિશે ચિંતા થતી હોય કે મૂંઝવણ પેદા થતી હોય, બીક લાગતી હોય તે વિશેની તમામ માહિતી લખી શકે છે. આ સિવાય પણ તેઓ પત્રમાં ગમે તે મુદ્દા પર લખી શકે છે. આ પદ્ધતિનો અમલ કરવાથી શિક્ષકને પોતાના વિદ્યાર્થીઓને ઓળખવાની, તેમની લાગણીઓ સમજવાની મૂંઝવણો જાણવાની સુંદર તક મળે છે. વિદ્યાર્થી અને શિક્ષક એકબીજાની વધુ નિકટ આવી શકે છે.